# આપણી વાત

**સંપાદક : પ્રફુલ્લ રાવલ**

■ ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ચી. મ. ગ્રંથાલય-આયોજિત પુસ્તક પ્રદર્શન ૧૭મી માર્ચ, ૨૦૧૮થી દર મહિનાની ૧૭મી તારીખથી એ પછીના શનિવાર સુધી, લગભગ દસેક દિવસ પુસ્તક-પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. આ પ્રદર્શન-અંતર્ગત આજે એક નવો ઉપક્રમ જોડવામાં આવ્યો 'પુસ્તક-પ્રદર્શન વ્યાખ્યાનનો'. સુધારક યુગમૂર્તિ નર્મદના ૨૪-ઑગસ્ટના જન્મદિવસ નિમિત્તે પહેલું વ્યાખ્યાન યોજાયું હતું એ પણ એક સુભગ સમન્વય. સાહિત્ય અને પત્રકારત્વના વિષયે વીર નર્મદની આત્મકથા 'મારી હકીકત' અને પત્ર 'ડાંડિયો' વિશે અનુક્રમે સર્વશ્રી ઉત્સવ પરમાર અને પ્રકાશ ન. શાહે પોતાની વાત મૂકી. મિની વેકેશનના માહોલ અને ભારે વરસાદની આગાહી વચ્ચે પણ કાર્યક્રમને સફળતાની સિદ્ધિ બક્ષનારા ૫૦ નર્મદપ્રેમી રસિકજનોને વંદન. વક્તાઓનું સ્વાગત ગુજરાતી સાહિત્ય પરિષદ વતી સર્વશ્રી ઈતુભાઈ કુરકુટિયા અને મેહુલભાઈ ત્રિવેદીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ માટે સતત જહેમત ઉઠાવનારા પરિષદના સંનિષ્ઠ કર્મચારી સર્વશ્રી ચંદ્રકાન્ત ભાવસાર, રશ્મિકાન્ત દવે, દીપ્તિ શાહ, સ્નેહલ ચૌધરી અને ગંગારામ વાઘેલાનો તેમજ ચી. મ. ગ્રંથાલયના કાર્યક્રમ વિશે હંમેશા પ્રિવ્યૂ અને ન્યૂઝ પ્રકાશિત-પ્રસારિત કરનારા સહુ મીડિયાકર્મીઓનો પરિષદના ગ્રંથાલયમંત્રી પરીક્ષિત જોશીએ આભાર માન્યો હતો.

■ તા. ૧૪-૮-૨૦૧૮ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત એનીબહેન સરૈયા લેખનશાળા શ્રી ગોવર્ધન સ્મૃતિમંદિરમાં યોજવામાં આવી. હાજર રહેલી બધી જ ૧૫-૨૦ બહેનો એમને અપાયેલા ગૃહકાર્ય પ્રમાણે 'કૂંપળ' અથવા 'તમાચો' વિષય ઉપર છાંદસ કે અછાંદસ કાવ્ય, ગઝલ, ટૂંકી વાર્તા, લઘુકથા, હાસ્યવાર્તા વગેરે વિવિધ સ્વરૂપોમાં લેખનકાર્ય કરીને લાવી હતી. શ્રી રાજેન્દ્ર પટેલે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સારું સર્જનાત્મક કાર્ય કેવી રીતે કરવું એ વિશે ઉપયોગી માહિતી આપી. સાથે સાથે બહેનો પોતાની કૃતિઓનું વાચન પણ કરતાં રહ્યાં. શ્રી રાજેન્દ્રભાઈ અને અન્ય બહેનો દ્વારા થતી એની છણાવટથી પણ યોગ્ય માર્ગદર્શન મળતું રહ્યું. સંચાલન શ્રી પારુલ કંદર્પ દેસાઈ અને ગિરિમા ઘારેખાને કર્યું હતું.

■ રવીન્દ્ર ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ-અંતર્ગત તા. ૭-૮-૨૦૧૮ના રોજ સાંજે ૬-૦૦ કલાકે ગોવર્ધન સ્મૃતિમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદમાં રવીન્દ્રનાથ-લિખિત, નગીનદાસ પારેખ-અનૂદિત, સુભાષ શાહ-દિગ્દર્શિત 'વિદાય અભિશાપ' વિશે (ધ્વનિમુદ્રિત વાચિકમ)નો કાર્યક્રમ થયો હતો. જેમાં સર્વશ્રી ભરત ઠક્કર અને અદિતિ દેસાઈએ કંઠ આપ્યો હતો અને દેવલ મહેતાએ સંગીત આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ચી. મં. ગ્રંથાલય દ્વારા તા.૨૩-૨૪-

૨૫ ઑગસ્ટ-૨૦૧૮ના રોજ મુંબઈ ખાતે અલભ્ય પુસ્તકોનું પ્રદર્શન યોજાઈ ગયું. પરિષદના પરિસરની બહાર સૌપ્રથમ વાર યોજાયેલા આ અલભ્ય પુસ્તકોના પ્રદર્શનમાં વર્ષ ૧૯૦૦ પહેલાં પ્રકાશિત ૫૦ પુસ્તકોનું પ્રદર્શન યોજાયું હતું. કાંદિવલી ખાતે ‘ધ કાંદિવલી એજ્યુકેશન સોસાયટી’ સંચાલિત ‘ગુજરાતી ભાષાભવન’ તથા ‘સંવિત્તિ’ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા ત્રિદિવસીય ‘વિશ્વ ગુજરાતી ભાષાપર્વ’-૨૦૧૮માં ગુજરાતી સાહિત્ય પરિષદ ઉપરાંત કાંદિવલી હાલાઈ લોહાણા મિત્ર મંડળ ટ્રસ્ટ, મહાગુજરાતી સંઘ, શબ્દોત્સવ ગુજરાતી સાહિત્ય પ્રદાન પ્રતિષ્ઠાન અને મુંબઈ ગુજરાતી સંગઠન જેવી ગુજરાતી ભાષાસાહિત્યપ્રેમી સંસ્થાઓ જોડાઈ હતી. ૨૩મી ઑગસ્ટના રોજ ઉદ્‌ઘાટન-સમારોહમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ગ્રંથાલયમંત્રી શ્રી પરીક્ષિત જોશીએ ગુજરાતી સાહિત્ય પરિષદ અને એના ગ્રંથાલયનો ટૂંકો પરિચય આપવા સાથે આજના યુગમાં ગુજરાતી ભાષાના મહત્ત્વ ઉપર ભાર મૂક્યો હતો.

## પુસ્તક-પરિચય

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ચી.મં. ગ્રંથાલયના ઉપક્રમે પુસ્તકપરિચયનો એકનવોકાર્યક્રમ શરૂ કરવામાંઆવ્યો છે. એ અંતર્ગત ૩૧મી ઑગસ્ટ, ૨૦૧૮ના રોજ સાંજે ૪.૩૦થી ૫.૩૦ દરમિયાન સાહિત્ય પરિષદના ગોવર્ધન ભવનમાં યોજાયેલા સૌ પહેલાં કાર્યક્રમમાં મૂળ પુસ્તકના અનુવાદકની અનુભૂતિના સંદર્ભે બે પુસ્તકો, વિનીત વાજપાઈ-લિખિત હરપ્પા વિશે શ્રી અલકેશ પટેલે અને એડગર એલન પો-લિખિત ‘લાલ મોત’ વિશે ડૉ. નિલય પંડ્યાએ પોતાની વાત રજૂ કરી. કાર્યક્રમનું સંચાલન ગ્રંથાલય અને પ્રદર્શનમંત્રી શ્રી પરીક્ષિત જોશીએ કર્યું હતું. પુસ્તક સાથે લેખન, અનુવાદકે સંપાદનના માધ્યમથી પ્રત્યક્ષ રીતે સંકળાયેલી સર્જક-અનુસર્જકોના અનુભવને સાંભળવાનો લહાવો ભાષાસાહિત્યપ્રેમી રસિકોએ લૂંટ્યો.

## વિશ્વ કવિતા કેન્દ્ર

વિશ્વ કવિતા કેન્દ્રના ઉપક્રમે તા. ૨૯-૮-૨૦૧૮ના રોજ ધીરુ પરીખે જોહ્‌ન આશબેરીકૃત ‘The Task’ કાવ્યનો આસ્વાદ કરાવ્યો હતો. પ્રારંભે ત્રણ કવિઓ ચિંતન મહેતા, ચેતન શુક્લ અને જયંત ડાંગોદરા કાવ્યપાઠ કર્યો હતો. ત્યારબાદ શ્રી ધીરુ પરીખે ‘The Taskના કવિના જીવન વિશે પ્રારંભે થોડી વાત કરી હતી અને એની કાવ્યયાત્રાનો પરિચય કરાવ્યો હતો. અને એ કાવ્ય વિશે વિગતે ચર્ચા કરી એ કાવ્યનો મર્મ સમજાવ્યો હતો.

❑